**શીર્ષક : બકીંગહામશાયરનો ભૂતકાળ ખુલ્લો પાડવો**

લખાણ : બકીંગહામશાયરનો ભૂતકાળ ખુલ્લો પાડવો એની વેબસાઇટ , જેમાં બકીંગહામશાયર કાઉન્ટી માટે આર્કીઓલોજી(પુરાતત્વવિધા)ના ડેટાબેઇઝ (સ્થળો અને સ્મારકોની નોંધો)નો સમાવેશ થાય છે. આ ડેટાબેઇઝમાં 17,000 થી વધારે નોંધો છે , માત્ર પ્રણાલિગત પુરાતત્વવિધાના સ્થળોની, ખોદકામની અને કલાવસ્તુઓની જ નહીં , પણ ઐતિહાસિક ઈમારતો અને ભૂવિસ્તારો પણ છે અને સૌથી પ્રાચીન મનુષ્યકાળથી વીસમી સદી સુધીનો સમયનો ગાળો  આવરે છે.

તમે ટેક્ષ્ટ સર્ચ કરીને અથવા ડીજીટલ મેપ વાપરીને સર્ચ કરી શકો છો. તમે તમારા પેરીશ બાબત ડેટાબેઇઝમાં શું છે તે જોઇ શકો છો અથવા  આખી કાઉન્ટીમાં પુરાતત્વવિધા વિષે કોઇ સમયના ગાળાનું વિહંગાવલોકન વાંચી શકો છો. કી સ્ટેઇજ 2 અને 3 માં મફત શિક્ષણનાં સાધનો છે. ત્યાં ભૂતકાળનું સંશોધન કેમ શરૂ કરવું અને પુરાતત્વવિધામાં કેવી રીતે સમાવિત થવું તેનું માર્ગદર્શન છે અને ઘણું વધારે પણ છે !

આ વેબસાઇટ શક્ય બની છે હેરીટેઇજ લોટરી ફંડની ગ્રાન્ટથી , બકીંગહામશાયર કાઉન્ટી કાઉન્સીલ , ચીલ્ટર્ન્સ એઓએનબી કોન્ઝર્વેશન બોર્ડ, બકીંગહામકશાયર આર્કીઓલોજીકલ સોસાયટી અને કાઉન્સીલ ફોર બ્રીટીશ આર્કીઓલોજી (સાઉથ મીડલેન્ડ્ઝ)ના ટેકાથી. આ સાઇટો અને સ્મારકોની નોંધોનું સંપાદન, દેખભાળ અને સતત વિકાસ બકીંગહામશાયર કાઉન્ટી કાઉન્સીલની કાઉન્ટી પુરાતત્વવિધા સેવા દ્વારા થાય છે.

આ સાઇટોની અને સ્મારકોની નોંધો વિષેની ઓનલાઇન આવૃત્તિ કાયદા વિષયક અને પ્લાનીંગને લગતા કામ માટે યોગ્ય નથી. વધુ માહિતી માટે અમારો સંપર્ક સાધો.

આ અંગ્રેજી ભાષાની વેબસાઇટ છે પણ આ પાનું બકીંગહામશાયરમાં બોલાતી લઘુમતી ભાષાઓ તેમ જ યુરોપીઅન મુખ્ય ભાષાઓમાં પણ જોઇ શકાય છે. કોઇ બીજી ભાષામાં આ પાનાને જોવા માટે નીચેના બટનો ઉપર ક્લીક કરો.